# ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનનો નફો 58.4 ટકા વધ્યો

અમદાવાદ: ઇન્ટીગ્રેટેડ સપ્લાય ચેઇન અને લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રોવાઇડર, ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિ.નો જૂન 2022ને અંતે પૂરા થયેલા વર્ષ દરમિયાન સ્ટેન્ડઅલોન ચોખ્ખો નફો ગત્ વર્ષના સમાન ગાળાના ₹48 કરોડની તુલનાએ 58.4% વધી ₹77 કરોડ થયો હતો. PAT માર્જિન FY2022ના Q1માં 7.9%ની સરખામણીમાં 9.5% રહ્યું હતું. આ ગાળામાં ઓપરેશન કામગીરીમાંથી આવક ₹807 કરોડ રહી હતી જે વાર્ષિક ધોરણે 32.2%ની વૃદ્ધિ દર્શાવે છે. મેનેજિંગ ડિરેક્ટર વિનીત અગ્રવાલે જણાવ્યું હતું કે કંપનીએ તેના મુખ્ય બિઝનેસ ફંડામેન્ટલ્સને વળગી રહેવાને કારણે સ્થિર કામગીરી દર્શાવવાનું ચાલુ રાખ્યું છે.